જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૭/૨૦૧૫ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૪૩૦/૧૫**

**શાહીબાગ વિસ્તારના અસારવા ખાતે રહેતા ગરીબ પરીવારની સગીરવયની દિકરીને રસોડા કામના બહાના હેઠળ વિરાન જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ આચરનાર નરાધમ ઈસમ હિંમતરામ માલીને ઝડપી પાડતી ક્રાઈમબ્રાન્ચ**

અમદાવાદ શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલ અસારવા માં રહી રસોડાનુ કામ કાજ કરી પોતાનુ જીવન ગુજરાન ચલાવનાર ગરીબ પરીવાર ના ઘરે ગઈ તા.૨૮/૦૬/૨૦૧૫ ના બપોરના સુમારે એક અજાણ્યો ઈસમ ઉવ આશરે ૨૫ થી ૩૦ નાનો ફરિયાદી ના ઘરે જઈ પોતે રસોડાનુ કામ કરતો હોવાનુ જણાવી પોતાને રસોડાના કામમાં રોટલી બનાવવા સારુ છોકરીની જરૂર હોય તેમ જણાવી પોતાનુ નામ તથા નંબર ફરિયાદીશ્રીને આપી ફરીશ્રી સગીરવય ની દિકરી ને રસોડાના કામ માટે રોટલી બનાવવા ના બહાના હેઠળ કાયદેસરના વાલીપણા માંથી પોતાની સાથે પગે ચાલતા ચાલતા સિવીલ હોસ્પિટલ કોર્નર ખાતે લઈ આવી ત્યાં ઉભી રહેતી પેસેન્જર ભાડા માં ફરતી સફેદ ગાડી માં બેસાડી ગાંધીનગર, તરફ લઈ જઈ ઈન્દિરાબ્રિજ, થી આગળ આવેલ નર્મદા કેનાલ પાસે પોતાની સાથે ઉતારી ત્યાંથી નર્મદા કેનાલ ઉપર ચાલતા ચાલતા ચાંદખેડા તરફ જવાના બ્રિજ પછી ના નર્મદા કેનાલની કોતરોમાં અવાવરુ જગ્યામાં લઈ જઈ એકલતા નો લાભ લઈ ફરીશ્રી ની સગીર વયની દિકરી ને ડરાવી ધમકાવી તેની સાથે જાર કર્મ કરી ભોગબનનારને પેસેન્જર ઓટો રીક્ષામાં બેસાડી તેના ઘરે મોકલી દિધેલ.

સદર બાબતે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ભોગબનનારની માતા એ તેઓના કાયદેસરના વાલીપણામાંથી ભોગબનનાર ને લઈ જનાર અજાણ્યા ઈસમ વિરુધ્ધ તારીખઃ ૨૮/૦૬/૨૦૧૫ ના રોજ ફરીયાદ આપતા શાહીબાગ પો.સ્ટે.ફસ્ટ ગુન્હા રજીસ્ટર નંબર ૮૮/૨૦૧૫ ઈપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સો એકટ ૩, ૪ મુજબ ગુન્હો રજીસ્ટર કરવામાં આવેલ અને શાહીબાગ પોલીસ તરફ થી તપાસ હાથ ધરવામાં આવેલ દરમ્યાન સદર ગુન્હાની તપાસ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી શિવાનંદ ઝા સાહેબનાઓએ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેરને સોપતા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ સાહેબનાઓના માર્ગ દર્શન હેઠળ આ ગુન્હાની તપાસ પોલીસ ઈન્સ્પેકટર શ્રી જે.એમ.યાદવ ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેરનાઓએ સંભાળી લઈ પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી એચ.પી.કરેણ તથા પોલીસ સબ ઈન્સ્પેકટર શ્રી જે.એન.ઝાલા તથા સ્ટાફના માણસોએ સી.સી.ટીવી ફુટેઝ તથા રસોડાના કામ કાજ કરતા ઈસમો ની યાદી તૈયાર કરી તેઓની પુછપરછ તપાસ તજવીજ હાથ ધરેલ દરમ્યાન તારીખ; ૧૪/૦૭/૨૦૧૫ ના રોજ આરોપીની શોધખોળ કરવા સારુ પ્રેટ્રોલીંગ માં હતા અને ફરતા ફરતા ઈન્દિરાબ્રીજ સર્કલ ખાતે આવતા મળેલ બાતમી હક્કિત આધારે આરોપી હિંમતરામ છગનજી માલી રહેઃ પાંડવવાડી, કોબા સર્કલ, ગાંધીનગર નાને ઝડપી પાડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ સદર આરોપીની પ્રાથમિક પુછપરછ દરમ્યાન ભોગબનનાર બાળા તરફ આકર્ષીત થઈ ભોગબનનાર બાળાને ફોસલાવી વસ માં કરી બળજબરી થી તેની સાથે જાર કામ કરેલ છે. હાલ આરોપીની પુછપરછ કરતા આરોપી અગાઉ કોઈ ગુન્હામાં પકડાયેલ નથી હાલ તેની પુછપરછ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)